# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક/મુખ્ય લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (3) | પ્રાથમિક/મુખ્ય લેખિત કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તા. (૫) |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ની **મુખ્ય લેખિત પરીક્ષા** | 30/૨૦૨૧-૨૨ | ૨૭, ૨૮, ઓગસ્ટ અને ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૨ | ૧૮-૦૮-૨૦૨૨ |
| ૨ | ટી.બી. & ચેસ્ટ સ્પેશ્યાલિસ્ટ, કા.રા.વિ.યો., વર્ગ-૧) – **CBRT** | ૦૧/૨૦૨૨-૨૩ | ૧૧-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૧-૦૯-૨૦૨૨ |
| ૩ | રેડિયોલોજીસ્ટ, કા.રા.વિ.યો., વર્ગ-૧ – **CBRT** | ૦૨/૨૦૨૨-૨૩ | ૧૧-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૧-૦૯-૨૦૨૨ |
| ૪ | નર્સિંગ ઓફિસર/પ્રિન્સિપાલ, વર્ગ-૨) – **OMR** | ૦૫/૨૦૨૨-૨૩ | ૧૧-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૧-૦૯-૨૦૨૨ |
| ૫ | સંશોધન અધિકારી, વર્ગ-૧ (ન.જ.સ)) – **CBRT** | ૦૮/૨૦૨૨-૨૩ | ૧૧-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૧-૦૯-૨૦૨૨ |
| ૬ | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨) – **OMR** | ૪૬/૨૦૧૮-૧૯ | ૧૧-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૧-૦૯-૨૦૨૨ |
| ૭ | મહિલા અને બાળ અધિકારી / નાયબ નિયામક, વર્ગ-૧ – **OMR** | 03/૨૦૨૨-૨૩ | ૧૮-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૮-૦૯-૨૦૨૨ |
| ૮ | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ (ન.જ.સ) – **OMR** | ૦૬/૨૦૨૨-૨૩ | ૧૮-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૮-૦૯-૨૦૨૨ |
| ૯ | મેનેજર ગ્રેડ-૧, વર્ગ-૨(માર્ગ અને મકાન) – **CBRT** | ૦૭/૨૦૨૨-૨૩ | ૧૮-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૮-૦૯-૨૦૨૨ |
| ૧૦ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ (ખાસ ભરતી) (ન.જ.સ) – **CBRT** | ૦૯/૨૦૨૨-૨૩ | ૧૮-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૦૮-૦૯-૨૦૨૨ |
| ૧૧ | બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨- **OMR** | ૦૪/૨૦૨૨-૨૩ | ૨૫-૦૯-૨૦૨૨ ૧૧:૦૦ થી ૨:૦૦ | ૧૫-૦૯-૨૦૨૨ |

**નોંધ:**

(૧) ઉપરોકત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક 30/૨૦૨૧-૨૨ ની મુખ્ય લેખિત પરીક્ષા છે. જાહેરાત ક્રમાંક ૪૬/૨૦૧૮-૧૯, 03, ૦૪, ૦૫ અને ૦૬/૨૦૨૨-૨૩ OMR પધ્ધતિથી લેવાશે. તે સિવાય તમામ જાહેરાતો મહદંશે **Computer Based Recruitment Test (CBRT)** પધ્ધતિથી લેવામાં આવશે, CBRT બાબતે અદ્યતન જરૂરી સૂચનાઓ/માહિતી આયોગની વેબસાઈટ પર થી મેળવવાની રહેશે. CBRT પધ્ધતિથી લેવાતી પ્રાથમિક કસોટીઓ માટે ઉમેદવારોએ પરીક્ષાનાં દિવસે પરીક્ષા ખંડમાં પરીક્ષાનાં નિયત સમયથી એક કલાક પહેલા અચૂક હાજર થવાનું રહેશે.

(૨) ઉકત જાહેરાતોનાં તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાકથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. તે સિવાય જા.ક્ર. 30/૨૦૨૧-૨૨ની પરીક્ષા માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) જ ડાઉનલોડ કરવાના રહે છે જે પરીક્ષા ખંડમાં સાથે રાખવાનું રહેશે અને પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવારોએ પરત લઈ જવાનું રહેશે.

(3) પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨)**"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form"** પર **"Click"** કરવું. (3) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરી પત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરી પત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસનોંધ:**-પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-3 સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦ ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી આપના રૂપીયા ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નિકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી.

**તારીખ.-૧૦/૦૮/૨૦૨૨**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)